બોટાદ, દેવભૂમિ દ્વારકા, વલસાડ, વડોદરા, રાજકોટ તથા નવસારી જિલ્લાઓ પાસે રહેલ બચત ગ્રાન્ટમાંથી આંગણવાડીઓના બાંધકામ માટે મંજૂરી બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0727/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

1. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા:૧૮/૦૭/૨૦૨૨ના પત્ર ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0727/B (ICDS)
2. મહિલા અને બાળ વિકાસના વિભાગના તા: ૨૬/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0568/B (ICDS)
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના તા: ૧૦/૧૦/૨૦૨૩ પત્ર ક્રમાંક : ICDS/0159/10/2023 અને ૧૦/૧૦/૨૦૨૩ના પત્ર ક્રમાંક : ICDS/0435/10/2023

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧)થી ડાંગ જિલ્લામાં રહેલ બચત ગ્રાન્ટમાંથી ડાંગ જિલ્લાને વર્ષ ૨૦૨૧-૨૨માં મનરેગા યોજના હેઠળ જર્જરિત આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ આયોજનમાં લેવા માટે બચત રહેલ રૂ. ૩૩.૬૩ લાખની ગ્રાન્ટમાંથી ૧૩ જર્જરિત આંગણવાડી કેન્દ્રોને તોડીને નવા આંગણવાડી કેન્દ્રો બનાવવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨)થી પ્રતિ આંગણવાડી દીઠ રૂ. ૧૨ લાખ યુનિટ કોસ્ટ નિયત થયેલ છે. વંચાણે લીધેલ (૩)થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર દ્વારા આંગણવાડી બાંધકામ માટે રૂ.૧૨.૦૦ લાખનો ખર્ચ સંપૂર્ણપણે બચત રહેલ ગ્રાન્ટમાંથી કરી બોટાદ જિલ્લામાં ૧૧ કેન્દ્રો બાંધવાની, દેવભૂમી દ્વારકા જિલ્લામાં ૫ કેન્દ્રો બાંધવાની, વલસાડ જિલ્લામાં ૫ કેન્દ્રો બાંધવાની, વડોદરા જિલ્લામાં ૫૩ કેન્દ્રો બાંધવાની, રાજકોટ જિલ્લામાં ૧૬૯ કેન્દ્રો બાંધવાની અને નવસારી જિલ્લામાં ૭૩ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે રૂ.૮.૦૦ લાખ મનરેગાથી, ૨ લાખ ૧૫માં નાણાપંચના અનટાઈડ ફંડમાંથી તેમજ બાકીના રૂ.૨.૦૦ લાખનો ખર્ચ બચત રહેલ ગ્રાન્ટમાંથી કરવાની દરખાસ્ત કરેલ છે. જે બાબતને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીની સક્ષમ આંગણવાડી ૨.૦ના નવા SOR મુજબ તથા પ્રવર્તમાન ધારા ધોરણો મુજબ પ્રતિ આંગણવાડી દીઠ રૂ. ૧૨ લાખની યુનિટ કોસ્ટ મુજબ આંગણવાડી બાંધકામ માટે રૂ.૧૨.૦૦ લાખનો ખર્ચ સંપૂર્ણપણે બચત રહેલ ગ્રાન્ટમાંથી કરી બોટાદ જિલ્લામાં ૧૧ કેન્દ્રો બાંધવાની, દેવભૂમી દ્વારકા જિલ્લામાં ૫ કેન્દ્રો બાંધવાની, વલસાડ જિલ્લામાં ૫ કેન્દ્રો બાંધવાની, વડોદરા જિલ્લામાં ૫૩ કેન્દ્રો બાંધવાની, રાજકોટ જિલ્લામાં ૧૬૯ કેન્દ્રો બાંધવાની, અને નવસારી જિલ્લામાં ૭૩ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે રૂ.૮.૦૦ લાખ મનરેગાથી, ૨ લાખ ૧૫માં નાણાપંચના અનટાઈડ ફંડમાંથી તેમજ બાકીના રૂ.૨.૦૦ લાખનો ખર્ચ બચત રહેલ ગ્રાન્ટમાંથી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા: ૦૧/૧૨/૨૦૨૩ તથા નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા.૦૬/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

**પ્રતિ,**

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

2. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
3. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
6. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
7. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી
8. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
9. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
10. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી
11. સીસ્ટમ મેનેજરશ્રી, (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)
12. શાખા સિલેક્ટ ફાઈલ.